ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારીયાદી  તા: ૨૨/૪/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૨ એપ્રિલ WORLD EARTH DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતવ્ય

છેલ્લા ૪૫ વર્ષથી તા.૨૨ એપ્રિલના દિવસને વિશ્વ પૃથ્વી દિવસ WORLD EARTH DAY તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે **"it's our turn to lead"** ની થીમના આધારે ઉજવણી કરવામાં આવી રહી છે. જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,(G.P.C.B) ભાવનગરના સંયુકત ઉપક્રમે તા.૨૨ એપ્રિલ ને બુધવારના રોજ શ્રી વિધા–વિહાર હાઈસ્કુલ, ભાવનગર ખાતે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિધાર્થીઓ માટે આ જ વિષય પર **ડૉ.વિજય ઝરીવાલા** (અર્થ શાસ્ત્ર ભવન,એમ.કે. યુનિ.ભાવ.) નું વકતવ્ય રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી આર. આર. વ્યાસ સાહેબ ( પ્રાદેશિક અધિકારી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ) શ્રી એચ. એમ. પંચોલી (સાયન્ટીફીક ઓફિસર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોડ) શ્રી વિક્રમસિંહ ગોહિલ (ભાવ.મ.પાલિકા) ડૉ.વિજય ઝરીવાલા તેમજ શાળાના આચાર્યશ્રી છગનભાઈ જાંબુચા ઉપસ્થિત રહેલ. જેમણે પ્રાસંગિક ઉદબોધન કરી પૃથ્વીના પર્યાવરણને બચાવવાના સહિયારા પ્રયાસમાં સહભાગી થવા જણાવેલ.

તજજ્ઞશ્રીએ પોતાના વકતવ્યમાં **NOT NOW THEN NEVER** પૃથ્વીના વાતાવરણને બચાવવા અત્યારથી જ સામાજિક જાગૃતિ લાવવા પ્રયત્નો શરૂ કરી દેવા સમજાવેલ. જે માટે વૃક્ષોની ઉપયોગિતા દર્શાવી જણાવેલ કે **વૃક્ષોએ પૃથ્વીના ફેફસાં સમાન છે**. આપણા રોજિંદા જીવનમાં પર્યાવરણને નુકશાન કરતી ચીજ વસ્તુઓનો વપરાશ ઘટાડવો જોઈએ. જેથી કરીને પૃથ્વીના વાતાવરણમાં થતું પ્રદુષણ અટકાવી શકાય. તેના ઉપાયરૂપે તેમણે **3 R'S REUSE, RECYCLE, REDUCE** વાતની સમજ પોતાની સરળશૈલીમાં સમજાવી વસ્તુઓનો આ પધ્ધતિથી ઉપયોગ કરવા જણાવેલ. આ કાર્યક્રમનો લાભ કુલ મળીને ૩૦૦ જેટલા વિધાર્થીઓ તથા શિક્ષક મિત્રોએ લીધેલ.

કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી નરવણભાઈ બારૈયાએ કરેલ. અંતમાં નિકુંજભાઈ પારેખે સર્વેનો આભાર માનેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ. માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ.

પ્રી. પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.